C/53
C/55

# પ્રોપર્ટી ટેક્ષ ઈ.એમ.આઈ. સ્કીમ રૂલ્સ

(૧) આ સ્કીમ વર્ષ ૨૦૧૬-૧૭થી લાગુ પડશે અને ફક્ત કાર્પેટ પદ્ધતીમાંજ લાગુ પડશે.

(૨) ૧-એપ્રિલથી ૩૧-મે સુધી સ્કીમમાં જોડાવવા માટે ફોર્મ ભરી શકાશે. આ ફોર્મ જે-તે બેંક પર ભરવાનાં રહેશે

(૩) ઈ.એમ.આઈ સ્કીમમાં જોડાવવા માટે અરજદારે નીચે મુજબનાં પ્રૂફ બેંકની શાખા પર આપવાનાં રહેશે.(સાથે ઓરીજીનલ લાવવા જરૂરી છે )

-જે ખાતા માંથી ઈ.એમ.આઈ કાપવાનો હોય તેની પાસબુક પ્રથમ પેઈજની ઝેરોક્ષ અથવા તે ખાતાનું બેંક સ્ટેટમેંટ

-ભા.મ.પા.નું કાર્પેટ મુજબનું છેલ્લા વર્ષનું પેમેંટ કરેલા બિલની રીસીપ્ટની ઝેરોક્ષ

(૪) અગાઉની તમામ બાકી ટેક્ષની રકમ ભર્યા બાદજ આ સ્કીમમાં જોડાઈ શકાશે.

(૫) ઈ.એમ.આઈ. સ્કીમમાં જોડાનાર વ્યક્તીને રીબેટ(૧૫% એપ્રીલ મહિનાનાં અને ૧૦% મે મહિનાનાં) નો લાભ મળશે નહિ. તેમજ ઓનલાઈન પેઈમેન્ટ પર ભા.મ.પા. તરફથી આપવામાં આવનાર ૧% કેશબેક પણ મળશે નહિ.

(૬) ચાલુ વર્ષની ટેક્ષ ની રકમનાં ૧૦ સરખા ભાગ કરી, NACH (ઓટો ડેબિટ) પદ્ધતીથી દર મહિને ઈ.એમ.આઈ. ની રકમનાં હપ્તા કાપવામાં આવશે.

(૭) જે મિલ્કત ધારક આ ઈ.એમ.આઈ સ્કીમમાં જોડાશે, તેને માસિક હપ્તાની રકમ ઉપરાંત તેની ઉપર વ્યાજ લાગુ પડશે નહિ.

(૮) ઈ.એમ.આઈ. નાં હપ્તાની કપાત જુન મહિનાથી દર મહિનાની ૧૦મી તારીખે NACH પદ્ધતીથી ઓટોમેટીક થશે.

(૯) ઈ.એમ.આઈ. સ્કીમમાં જોડાનાર વ્યક્તી સ્કીમમાં હોય તે દરમ્યાન ઓનલાઈન (નેટ બેંકીંગ, ક્રેડીટ/ડેબીટ કાર્ડ/વોલેટ)પ્રોપર્ટી ટેક્ષ પેમેન્ટ કરી શકાશે નહિ.

(૧૦) જો વ્યક્તી કોઈ કારણોસર વચ્ચેથી (૧૦ મહિના પહેલા) આ સ્કીમ માંથી નિકળવા માંગતા હોય તો તેણે ભા.મ.પા. ઓફિસ પર આવી, જરૂરી ફોર્મ ભરી, બાકી રહેલ ટેક્ષની રકમ(બાકી રહેલ હપ્તાઓની કુલ રકમ ) પર ૧-જુન થી થતુ ૧૮% સાદુ વ્યાજ ગણી,સંપૂર્ણ બાકી રકમ ભરવાની રહેશે.

(૧૧) જો કોઈ વ્યક્તીની મિલ્કત પર કોઈ પણ મહિને NACH દ્વારા રકમ કાપવા પૂરતા પ્રમાણમાં બેલેન્સ ન હોવાને કારણે હપ્તો કપાશે નહિ તો તે મિલ્કત/વ્યક્તિ આપોઆપ ઈ.એમ.આઈ. સ્કીમમાંથી બહાર નીકળી જશે અને તેને બાકી રહેતા તમામ હપ્તાઓની રકમ પર ૧-જુન થી થતુ ૧૮% સાદુ વ્યાજ શરૂ થઈ જશે. આવી મિલ્કતનાં પછીથી બાકી રહેતા હપ્તા ઈ.એમ.આઈ. પદ્ધતીથી કપાશે નહિ અને વ્યક્તી/મિલ્કત એ વર્ષ માટે ઈ.એમ.આઈ. સ્કીમ માંથી રદ્દ જ ગણાશે.

(૧૨) NACH માં જોડાનાર આસામી મેજર અપડેશન, વાંધાઅરજી અને કેન્સલેશનનીપ્રોસેસ કરાવી શકશે નહિ. ઉપરોક્ત પ્રોસેસ કરાવવા માટે તેણે ઈ.એમ.આઈ. સ્કીમ માંથી (૧૦) મુજબ બહાર નિકળવાનું રહેશે.

(૧૩) ઉપરોક્ત (૧૦) મુજબ અરજદારે ઈ.એમ.આઈ(NACH) કેન્સલ કરવા માટે હપ્તો કપાવાની તારીખ (દરેક મહિનાની ૧૦મી તારીખ) નાં ૨૦-દિવસ પહેલા ભા.મ.પા. ઓફિસમાં આવી એપ્લાય કરવાનું રહેશે.

Scanned by CamScanner